# સાબરકાંઠામાં એક જ દિવસમાં ૧૪૦૦ લોકો સંક્રમિત, કુલ મૃત્યુ આંક-૧૦૦

## સિવિલ હોસ્પિટલ તેમજ જિલ્લામાં દૈનિક ૧૦થી વધુ મોત, અસંખ્ય મોત છૂપાવ્યાના આરોપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ સાબરકાંઠામાં કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બન્યું છે. એન્ટિજન ટેસ્ટ કિટની અછત વચ્ચે થયેલા ટેસ્ટમાં એક જ દિવસમાં ૧૪૧૨ લોકો સંક્રમિત થયાનું બહાર આવ્યું છે. જ્યારે કોરોનામાં અત્યાર સુધીમાં કુલ મૃત્યુ આંક જિલ્લામાં ૧૦૦ ઉપર પહોંચ્યો છે. સિવિલ હોસ્પિટલ તેમજ જિલ્લામાં દૈનિક ૧૦ થી વધુનાં મોત હોવા છતાં તંત્રએ કોવિડ-નોન કોવિડની માયાજાળ રચતાં અસંખ્ય મોત છૂપાવ્યાના આરોપ લાગ્યા છે. પાછલા ૧૫-૨૦ દિવસમાં જ માત્ર હિંમતનગર સિવિલમાં ૧૦૦ થી વધુ લોકોના મોત નિપજ્યાની આશંકા સેવાય છે.

### ઉત્તર ગુજરાતમાં સતત બીજા દિવસે ૧૦ હજારથી વધુ લોકો સંક્રમિત


બાયડ : ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં સતત બીજા દિવસે કોરોનાથી ૧૦ હજારથી વધુ લોકો સંક્રમિત થયાનો આંકડો બહાર આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરેલા આંકડા મુજબ ગત રોજ ૧૦,૨૩૪ લોકો સંક્રમિત થયા છે. જેમાં મહેસાણા ૪૮૯૮, પાટણ ૧૯૨૪, સાબરકાંઠા ૧૪૧૨, બનાસકાંઠા ૧૦૬૨, અરવલ્લીમાં ૯૩૪ લોકો સંક્રમિત થયાનું જણાવ્યું છે.

કોરોનાની બીજી લહેરમાં હિંમતનગર સિવિલ રીતસરની હાંફી ગઈ છે. રેમડેસિવિર ઈન્જેકશનના કાળા બજારમાં સિવિલ હોસ્પિટલના હંગામી સ્ટાફની સંડોવણીએ ચકચાર જગાવી છે. જ્યારે કોરોનાગ્રસ્ત અનેક દર્દીઓને સિવિલમાં બેડ મળતા નથી જેના કારણે દર્દીઓના સગાઓએ વ્યાપક આક્રોશ વ્યક્ત કર્યો છે. કેટલાક કિસ્સાઓમાં દર્દીઓને દાખલ કરવામાં લાગવગ ચાલતી હોવાના પણ લોકઆક્ષેપ થયા છે. ત્યારે સાબરકાંઠામાં કોરોના વિસ્ફોટની સ્થિતિ સતત ચાલુ રહી છે. ગત રોજ આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડા મુજબ ૧૪૦૦ થી વધુ લોકો સંક્રમિત થયા છે અને કોરોના શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં કુલ મૃત્યુ આંક ૧૦૦ને પાર કરી ગયો છે. આગામી દિવસોમાં પ્રજાએ સાવધ રહેવું પડશે. સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કનો ઉપયોગ કરવો પડશે અન્યથા સ્થિતિ વધુ વણસી શકે છે. આરોગ્ય વિભાગ ભલે મોતના ઓછા આંકડા જાહેર કરે પરંતુ સિવિલ હોસ્પિટલમાંથી જે રીતે લાશો બહાર જઈ રહી છે અને સ્મશાન ઘાટમાં પણ વેઈટીંગ ચાલી રહ્યું છે તે જોતાં સ્ફોટક સ્થિતિ હોવાના અણસાર મળી રહ્યા છે.

# પ્રજા સાવધ રહે : બાયડમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ, વધુ ૨ યુવાનોનો ભોગ લીધો

### બાયડ અને વસાદરાના યુવાનનું સારવાર દરમ્યાન મોત, પંચાલ-આંજણા પાટીદાર સમાજમાં શોક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ બાયડ તાલુકામાં કોરોનાએ માનવભક્ષી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. વધુ બે યુવાનોનો કોરોનાએ ભોગ લીધો છે. બાયડમાં ઓટો મોબાઈલ્સ વેપારી સંજયકુમાર રમણભાઈ પંચાલ(આકરૂન્દવાળા) અને વસાદરાના પ્રેમલભાઈ વિઠ્ઠલભાઈ પટેલનું કોરોના સંક્રમણ પછી સારવાર દરમ્યાન મોત નિપજતાં બાયડ તાલુકામાં પાછલા ૧૦ દિવસમાં મૃત્યુ આંક ૪૦ ઉપર પહોંચ્યો છે. બંન્ને યુવાનોના મોતથી પંચાલ અને આંજણા પાટીદાર સમાજમાં શોક છવાયો છે.





કોરોનાની બીજી લહેરે અનેક વેપારીઓને ભરખી લીધા છે. મોડાસા, હિંમતનગર અને વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલ તેમજ ડેજીગ્નેટેડ ખાનગી કોવિડ હોસ્પિટલમાં અત્યારની સ્થિતિમાં ૬૦ થી વધુ દર્દી અત્યંત ક્રિટીકલ અવસ્થામાં છે. કેટલીક હોસ્પિટલોમાં ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેકશનની અછતથી દર્દીઓ તરફડી રહ્યા છે. આ કડવી વાસ્તવિક્તા ઝડપથી તંત્ર સ્વીકારશે તો મૃત્યુ આંક ઘટાડી શકાશે. જે રીતે બીજી લહેરમાં બાળકો અને યુવાનો કોરોનાની લપેટમાં આવ્યા છે અને તેમાં મૃત્યુ દર ચિંતાજનક રીતે ઉંચકાઈ રહ્યો છે. મૂળ આકરૂન્દના અને વર્ષોથી બાયડમાં સ્થાયી થયેલા સંજયકુમાર રમણભાઈ પંચાલ ગત તા.૨૨ ના રોજ કોરોનાથી સંક્રમિત થયા હતા પરંતુ બાયડ, વાત્રક અને મોડાસાની હોસ્પિટલમાં બેડ ન હોવાથી તાબડતોબ સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં મોત સામે સતત ૧૧ દિવસ જજૂમ્યા પરંતુ જીંદગીનો જંગ હારી ગયા હતા. આકરૂન્દના આશાસ્પદ યુવાનનું કોરોનાથી મોત નિપજતાં બાયડ તેમજ આકરૂન્દ પંથકમાં શોક છવાયો છે. જ્યારે ઓસ્ટ્રેલિયામાં રહેતા વસાદરાના પ્રેમલભાઈ પટેલે હવે વતનમાં રહેવાના નિર્ધાર સાથે તાજેતરમાં જ વતનમાં આવ્યા હતા પરંતુ કોરોનાથી સંક્રમિત થયા પછી મોડાસાની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા પરંતુ તબિયત વધુ લથળતાં વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં રસ્તામાં મોત નિપજ્યું હતું આમ બાયડ તાલુકામાં કોરોનાથી વધુ ૨ નાં મોત નિપજતાં સમગ્ર તાલુકામાં હાહાકાર મચ્યો છે. બાયડના વેપારીઓએ સળંગ ૯ દિવસ સ્વયંભૂ લૉકડાઉનનો અમલ કર્યા પછી પણ કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બની ગયું છે આ જોતાં પ્રજાએ હવે વધુ સાવધ રહેવાની જરૂરી છે.

# વારેણાબોરટીંબા જમીન પ્રકરણ : બાયડ તાલુકા વહીવટી તંત્રએ જમીન પચાવી પાડવાના કેસ ઉપર પૂર્ણવિરામ મૂક્યું..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ રાજ્ય સરકાર દ્વારા જમીન પચાવી પાડવાના કેસમાં સખ્તાઈ દાખવવામાં આવી રહી છે ત્યારે બાયડ તાલુકાના વારેણાબોરટીંબાના જમીન પ્રકરણમાં બાયડ મામલતદાર કચેરીના દસ્તાવેજ નોંધણી અધિકારી ધવલ જશુભાઈ પટેલ અને એચ.એમ.પટેલ સામે આક્ષેપો કરવામાં આવ્યા હતા. જાણવા મળ્યા મુજબ વિવાદીની વિવાદ અરજી કલેક્ટરે નામંજૂર કરી અરજદારને નારાજ હોય તો મહેસૂલ સચિવ સમક્ષ જવાની તક આપી હતી. પરંતુ હવે બહાર આવેલી વિગતો અનુસાર તંત્રએ ફરિયાદના આધારે લેન્ડ ગ્રેબિયલ એક્ટ હેઠળ જમીન પચાવી પાડવાના કેસ સબંધિત તપાસ શરૂ કરી અને જમીન ઉપર અન્ય લોકોનો કબજો હોવાનું સ્પષ્ટ બહાર આવ્યું છે છતાં જમીન પચાવી પાડવાના કેસ ઉપર બાયડ તાલુકા વહીવટી તંત્રએ કેમ પૂર્ણ વિરામ મૂક્યું..?? તપાસ થાય તો આ સમગ્ર પ્રકરણને રફે દફે કરવા માટે અંદરખાને રંધાયું તો નથી ને..??

### કોને છાવરવામાં આવે છે, દસ્તાવેજ નોંધણી અધિકારી સામે આક્ષેપ કરી સાચો કેસ દબાવવાનો પ્રયાસ..!!

પ્રાપ્ત જાણકારી અનુસાર વારેણાબોરટીંબા ગામના સીમાડામાં આવેલ ખાતા નં.૩૬૪ થી આવેલ સર્વે નં.૪૦૨ તથા ૪૦૩ ની જમીનમાં વેચાણ અંગેની નોંધ મામલે વિવાદ ઉભો થયો હતો અને તેમાં જમીન ઉપર બેન્કનો બોજો હોવા છતાં દસ્તાવેજ મંજૂર કરવામાં આવ્યો છે તેવી દલીલ સાથે બે અધિકારીઓ સામે ભ્રષ્ટાચારના આક્ષેપ થયા હતા. આ મામલે મામલતદારના અધિકારક્ષેત્રમાં કોઈ તપાસ આવતી નથી કારણ કે દસ્તાવેજ થઈ ગયો છે અને સિવિલ મેટર બની છે પરંતુ બહાર આવેલી જાણકારી અનુસાર વિવાદિત જમીન મુદ્દે થયેલી અરજી પછી તંત્રએ તપાસ કરી જેમાં પરમાર કાળુભાઈ બચુભાઈ, રાણાજી લાખાજી પરમાર, કાન્તિજી બાલાજી પરમાર, સુખસિંહ અદેસિંહ પરમાર સહિત ૮ જેટલા ખેડૂતો તેમાં વાવેતર કરતા હતા અને તે છેલ્લા ૬૦-૭૦ વર્ષથી વાવેતર કરતા હોવાનું પંચોને જણાવ્યું હતું. જમીન વેચાણ રાખનાર રબારી જયરામભાઈ કરમસીભાઈ વાવેતર કરવા માટે આવ્યા નથી તેવું પંચોએ જણાવ્યું હતું અને દેસાઈ સાદેવભાઈ હારજણભાઈએ અમારી જાણ બહાર બીજાને દસ્તાવેજ કરી આપેલ છે તેવું પંચનામું પણ કરવામાં આવ્યું હતું. ટૂંકમાં આ જમીન વિવાદીત બની ગયેલી છે અને આ જમીન રબારી જયરામભાઈએ જનરલ પાવર ઓફ એટર્નીના આધારે વેચાણ રાખેલ છે પરંતુ પંચનામાની વિગતમાં ૯ ઈસમો ખેતી કરતા હોવાનું જણાઈ આવ્યું હતું. અરજદારોએ કબજો સંભાળી લીધો છે પરંતુ હાલના કબજેદારો દ્વારા ખેતી કરેલ હોવાનું જણાતાં પ્રથમ દ્રષ્ટીએ બાબત દિવાની બની જાય છે જેથી જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદા હેઠળ કેસ ન બની શકે તેવો અભિપ્રાય રજૂ કરાયાનું જાણવા મળ્યું છે. ટૂંકમાં આખા જિલ્લામાં જમીન પચાવી પાડનારાઓ સામે તંત્ર સખ્તાઈ દાખવે છે તો પછી બાયડ તાલુકામાં ઢીલી નીતિ કેમ..?? આ સમગ્ર મામલે જિલ્લા કલેક્ટરે ફેર તપાસના આદેશ આપવા જોઈએ અને પોતાની ભૂલો કે કોઈ ષડયંત્ર હોય તે ઢાંકવા માટે દસ્તાવેજ નોંધણી અધિકારીઓ સામે આક્ષેપ કરવા કેટલા અંશે યોગ્ય છે..??

# ગાયત્રી શક્તિપીઠ-બાયડના સંચાલકના આત્માની શાંતિ માટે સળંગ ૧૨ કલાક જાપ યોજાયા

### જિલ્લાના અન્ય વિસ્તારોમાં ૨ કલાક જાપ કરી શ્રદ્ધાંજલિ અપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ ગાયત્રી શક્તિપીઠ-બાયડના સંચાલક મનહરભાઈ એસ. પટેલ કોરોના સામે જંગ જીત્યા પછી હૃદય રોગનો હુમલો આવતાં અવસાન થતાં રાજ્યના ગાયત્રી પરિજનોમાં શોક છવાયો હતો. કોરોનાના કપરા કાળમાં ઘરે જઈને સાંત્વના આપવાથી ગામમાં કોરોનાનો ચેપ વધે તેવી દહેશત હોવાથી ગાયત્રી પરિજનો દ્વારા બાયડના ગાયત્રી શક્તિપીઠમાં સદ્ગતના આત્માની શાંતિ માટે સળંગ ૧૨ કલાક જાપ યોજાયા હતા. જ્યારે જિલ્લાના અન્ય વિસ્તારોમાં બપોરે ૨-૦૦ થી ૪-૦૦ બે કલાક જાપ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.





ગુજરાત ગાયત્રી પરિવાર યુવા સંગઠનના પ્રભારી, અમદાવાદ ઉપઝોન પ્રભારી મનહરભાઈ પટેલ કોરોનાથી સંક્રમિત થતાં બાયડની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં સપ્તાહની સારવાર દરમ્યાન કોરોનાને હરાવી સ્વસ્થ્ય થયા ત્યાં એકાએક તબિયત લથળી અને હૃદય રોગના હુમલાથી મોત નિપજતાં બાયડ સહિત ગુજરાતના ગાયત્રી પરિજનોમાં શોક છવાયો હતો. પોતાનું સમગ્ર જીવન ગુરૂદેવના કાર્યમાં સમર્પિત કરનાર સક્રીય કાર્યકરની વિદાયને ગાયત્રી પરિજનો સ્વીકારી શકતા નથી પરંતુ મૃત્યુ સાશ્વત છે તેનો સ્વીકાર કરવો જ પડે. ગાયત્રી પરિજનો દ્વારા તા.૨ મે. ના રોજ સદ્ગતના આત્માની શાંતિ માટે ગાયત્રી શક્તિપીઠ-બાયડના ધ્યાન યોગ રૂમમાં ૧૨ કલાક જાપ યોજાયા હતા જેમાં મોટી સંખ્યામાં પરિજનોએ કોવિડ-૧૯ની ગાઈડલાઈનના અમલ સાથે સદ્ગતના આત્માની શાંતિ માટે જાપ કર્યા હતા. ગાયત્રી ચેતના કેન્દ્ર-મોડાસા, ગાયત્રી શક્તિપીઠ-શામળાજી, ગાયત્રી મંદિર-ચોરીવાડ સહિત રાજ્ય અને ઉત્તર ગુજરાતના તમામ ગાયત્રી શક્તિપીઠમાં સદ્ગતના આત્માની શાંતિ માટે જાપ યોજાયાનું ગાયત્રી પરિવારની યાદીમાં જણાવાયું છે.

# ભાજપે બાહોશ નેતા ગુમાવ્યા : સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જયેન્દ્રસિંહ રાઠોડને કોરોના ભરખી ગયો


### ભાજપના અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ આપી, સપ્તાહ પૂર્વે તેમનાં પત્નિનું પણ કોરોનાથી મોત નિપજ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ સાબરકાંઠા જિલ્લા પંચાયત તેમજ જિલ્લા ભાજપ સંગઠન પૂર્વ પ્રમુખ જયેન્દ્રસિંહ રાઠોડનું કોરોનાથી મોત નિપજતાં ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. પૂર્વ પ્રમુખના નિધનથી ભાજપના આગેવાનોએ ઉંડો આઘાત વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી જ્યારે સપ્તાહ પૂર્વે તેમનાં પત્નિનું પણ મોત નિપજ્યું છે. જ્યારે તેમના પરિવારના ૪ સભ્યો કોરોનાથી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. કોરોનામાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ભાજપના ૮ આગેવાનોના મોતથી સર્વત્ર શોક છવાયો છે. સ્પષ્ટ વક્તા અને મિલનસાર સ્વભાવ ધરાવતા પ્રાંતિજ તાલુકાના સીતવાડાના વતની જયેન્દ્રસિંહ રાઠોડે ભાજપના અદના કાર્યકરથી પોતાની કારકીર્દી શરૂ કરી સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ અને ત્યાર પછી સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા તેઓએ સ્વચ્છ અને પારદર્શક વહીવટની સૌને પ્રતિતિ કરાવી હતી. તેઓ જીવન પર્યંત ભાજપમાં સક્રીય રહ્યા. તાજેતરમાં જ તેમનાં પત્નિ અમૃતબા કોરોનાથી સંક્રમિત થતાં મોત નિપજ્યું હતું તેઓ પોતે પણ સંક્રમિત હતા અને તેમનું પણ સોમવાર સવારે મોત નિપજતાં જિલ્લા ભાજપ કાર્યકરોમાં શોક છવાયો છે. તેમના નિધન બદલ ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી, પૂર્વ સાંસદ જયસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ જે.ડી.પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, સાંસદ દિપસિંહ રાઠોડ, રાજ્ય સભા સાંસદ રમીલાબેન બારા, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, રાજેન્દ્રસિંહ ચાવડા, ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ ચંદ્રીકાબેન પટેલ, અરવલ્લી જિલ્લા પ્રેસ મીડીયા કન્વિનર પ્રભુદાસ પટેલ વગેરેએ શોકની લાગણી પ્રગટ કરી છે.

### સિદ્ધાંતવાદી અને ઉચ્ચ વિચારસરણીના નેતાની વિદાય

બાયડ : ભાજપ અગ્રણી અને જિલ્લા પ્રેસ મીડીયા કન્વિનર પ્રભુદાસભાઈ પટેલે જયેન્દ્રસિંહ રાઠોડના નિધન બદલ શોક વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું કે તેઓ ખુબ મૃદુભાષી, સાલસ, લાગણીશીલ અને પ્રેમાળ સ્વભાવ, ઉચ્ચ વિચારસરણી અને ખુબ સિદ્ધાંતવાદી હતા. જિલ્લા પંચાયતના પ્રમુખ રહ્યા પછી દસકા બાદ જિલ્લા ભાજપ સંગઠનના પ્રમુખ પદની જવાબદારી સૂપેરે સંભાળી હતી તેમને જોઈને ભાજપનો કાર્યકર મલકાઈ ઉઠે તેવી તેમની બહુમુખી પ્રતિભા હતી. તેમના નિધનથી ભાજપને મોટી ખોટ પડી છે.



# અરવલ્લીમાં સિંચાઈ યોજના હેઠળ થયેલા કામોની તપાસ કરવા માંગ

### નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેરોએ રજૂ કરેલી એમ.બી.ની તપાસ કરો

હિંમતનગર, તા.૦૩ અરવલ્લી જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગ દ્વારા છેલ્લા ૧ વર્ષ દરમ્યાન થયેલા કામોની તપાસ થવી જોઈએ તેવી સરકારમાં રજૂઆત થઈ છે. નિવૃત્ત થયેલા કાર્યપાલક ઈજનેરોને શા માટે એકના એક સ્થળે કામગીરી ઉપર મૂકાયા..?? તેમાં ગાંધીનગરના અધિકારીઓની સંડોવણી છે કે કેમ અને અત્યાર સુધી જે તે કામોની રજૂ કરેલી એમ.બી. તપાસવામાં આવે તો મોટું કૌભાંડ પ્રકાશમાં આવી શકે તેવી આશંકા સેવાય છે.

જે નિવૃત્ત કર્મચારીને ૫૦ હજાર દર મહિને પેન્શન મળતું હોય તે કોરોનાના કપરા કાળમાં ૧૮ હજાર રૂા.ની નોકરી શા માટે કરે..?? ભલભલા વેપારીઓ પણ ધંધા-રોજગાર બંધ કરી કોરોનાથી બચવા ઘરમાં પુરાઈ ગયા છે ત્યારે અરવલ્લી જિલ્લામાં માત્ર પૈસો એ જ પરમેશ્વર જેનો ગુરૂમંત્ર છે તેવા નિવૃત્ત ઈજનેરોએ ગાંધીનગરથી બધી સમજાવટ કરી અરવલ્લી જિલ્લામાં સિંચાઈના કામોમાં દેખરેખ માટે રૂા.૧૮ હજાર માસિક ધોરણે નિયુક્તિ મેળવી લીધી છે. નિવૃત્ત ઈજનેરો પેટ્રોલ, ડીઝલ, એ.સી. કારમાં બેસી સિંચાઈના કામો માટે જાય છે અને સાથે ડ્રાઈવર રાખે છે. દર મહિને ડીઝલનો ખર્ચ ૪૦૦૦ અને ડ્રાઈવરનો પગાર રૂા.૭૦૦૦ ગણીએ તો ઈજનેરના ભાગમાં માત્ર ૭૦૦૦ રૂા. આવે. તો પછી આવા નિવૃત્ત ઈજનેરો ૭૦૦૦ના પગારમાં સેવા કરે તેવું માનવામાં આવે ખરૂં..?? કહેવાય છે કે પાછલા ૧ વર્ષ દરમ્યાન અરવલ્લીમાં બાયડ, માલપુર, મેઘરજ, મોડાસા, ધનસુરા અને ભિલોડા તાલુકામાં ૩૦૦ કામો શંકાના દાયરામાં આવી ગયા છે. સ્ટેટમાં બતાવેલ કામો ટ્રાયબલમાં પણ બતાવાયા છે તેવા આરોપમાં સત્યતા છે કે કેમ..?? તેની પણ તપાસ જરૂરી છે. જે રીતે બાયડનો સરકારી બાબુઓનો કમાઉ દિકરો ગણાતો નિવૃત્ત ઈજનેર ડી.બી. ઝાલા કેટલા વર્ષથી સિંચાઈ વિભાગમાંથી નિવૃત્ત થયા પછી પણ કામ કરી રહ્યો છે તેનો અભ્યાસ થાય તો પણ અનેક ચોંકાવનારી વિગતો ઉજાગર થઈ શકે છે.

# વણકર સમાજના સામાજીક સુધારક લલ્લુભાઈ પરમારનું હૃદય રોગના હુમલાથી અવસાન

### મુખ્ય શિક્ષક, ઉપસરપંચ તરીકે અમિયાપુરમાં યશસ્વી સેવાઓ આપી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ આંબલિયારા બારગામ વણકર સમાજમાં અનેક સામાજીક સુધારાઓથી નેત્ર દિપક કામગીરી તેમજ તે પૂર્વે અમિયાપુર પ્રા.શાળાના મુખ્ય શિક્ષક અને નિવૃત્ત થયા બાદ ગ્રામ પંચાયતમાં ઉપસરપંચ તરીકે યશસ્વી સેવાઓ આપનાર બાયડ તાલુકા વણકર સમાજ દ્વારા આયોજીત પ્રથમ સમૂહ લગ્નના પ્રમુખ દાતા વણકર સમાજના સામાજીક સુધારક લલ્લુભાઈ શનાભાઈ પરમાર(એલ.એસ.પરમાર)નું હૃદય રોગની ટૂંકી માંદગી બાદ અવસાન થતાં સમસ્ત વણકર સમાજ સહિત અમિયાપુર પંથકમાં શોક છવાયો છે. તેમની સમાજ સુધારક તરીકેની યશસ્વી કામગીરી વર્ષો સુધી ચિરસ્થાઈ રહેશે.



અનેક સમાજમાં વડીલોએ સમાજ સુધારક તરીકે ઉત્કૃષ્ઠ ભૂમિકા ભજવી સમાજને લગ્નો પાછળ થતા ખોટા ખર્ચા બંધ કરવા, કુરિવાજો ત્યજવા ફરજ પાડી છે. જેના કારણે અનેક સમાજમાં શિક્ષણનું સ્તર ઉંચકાયું છે અને આવા સમાજની દિકરીઓ ઉચ્ચ અભ્યાસ મેળવવા સક્ષમ બની છે. આંબલિયારા બારગામ વણકર સમાજમાં અનેક વર્ષોથી ચાલ્યા આવતા સામાજીક પ્રસંગોમાં મોટાપાયે સુધારા લાવવા અને પોતાના પરિવારથી જ તેની શરૂઆત કરી ઉત્તમ દાખલો લલ્લુભાઈ પરમારે બેસાડ્યો હતો. ત્યારબાદ તેઓ બાયડ તાલુકા વણકર સમાજ જ્ઞાતિવાડીના આદ્યસ્થાપક સહમંત્રી તરીકે સમાજને નવો રાહ ચિંધ્યો. પોતે જીવન પર્યંત સમાજના ઉત્થાન માટેની તમામ બાબતોમાં સક્રીય રહ્યા હતા પરંતુ હૃદયરોગનો હુમલો આવ્યા પછી ટૂંકી માંદગી બાદ તેઓનું નિધન થયું છે. સદ્ગતે સમાજ માટે કરેલા કાર્યો તેમજ આંબલિયારા ગામે યોજવામાં આવેલા ત્રીજા સમૂહ લગ્નમાં રાત-દિવસ જહેમત ઉઠાવી સમૂહ લગ્નોત્સવને સફળ બનાવ્યો હતો તે તેમના જીવનભરનું સંભારણું બની ગયો છે. કોરોનાની વિકટ પરિસ્થિતિને ધ્યાને રાખી પરિવાર દ્વારા બેસણું રાખવામાં આવ્યું નથી. સદ્ગત પોતાની પાછળ ૩ પુત્રો ચીમનભાઈ પરમાર, નરેશભાઈ પરમાર(ઈજનેર), ચંદ્રેશભાઈ પરમાર સહિત વિશાળ પરિવારને વિલાપ કરતા છોડી ગયા છે.

# શ્રદ્ધાંજલિ



**નથી હયાત પણ સાથે છો,**
**એવું લાગ્યા કરે છે,**
**હરક્ષણ તમારી હાજરીનો,**
**આભાસ લાગ્યા કરે છે,**
**ક્યારેક કહેવાયેલી વાતના,**
**ભણકારા લાગ્યા કરે છે,**
**યાદોમાં તમારા પ્રત્યક્ષ**
**દર્શન થયા કરે છે,**
**પ્રભુ આપના આત્માને**
**ચિરશાંતિ અર્પે**
**એ જ પ્રાર્થના.**

**સ્વ. પ્રતાપસિંહજી ધુળસિંહજી રાઠોડ**
(નિવૃત્ત આચાર્ય : શ્રીમતી સી.આર.ગાર્ડી હાઈસ્કુલ, કાબોદરા)
જન્મ તા.૧-૬-૧૯૫૭, સ્વ. તા.૨૨-૪-૨૦૨૧, ગુરૂવાર
લવારી, તા.તલોદ

**લી.**

ગં.સ્વ.જશીબા પ્રતાપસિંહજી રાઠોડ (પત્નિ)
નટવરસિંહજી ધુળસિંહજી રાઠોડ (ભાઈ)
ચેતનસિંહજી પ્રતાપસિંહજી રાઠોડ, એડવોકેટ (પુત્ર) ફાલ્ગુનીબા પ્રવિણસિંહજી સોલંકી(પુત્રી)
ઉર્મિલાબા ચેતનસિંહજી રાઠોડ, એડવોકેટ (પુત્રવધુ) પ્રવિણસિંહજી જગતસિંહજી સોલંકી(જમાઈ)
અભિજીતસિંહજી ચેતનસિંહજી રાઠોડ(પૌત્ર)
મુ.પો. લવારી, તા.તલોદ, જિ.સાબરકાંઠા